જા.નં. : ક/સર્વે/૧૭/૧૨૮૫૮-૫૯/૧૪-૧૫
નાયબ વન સંરક્ષકશ્રીની કચેરી
સુરત વન વિભાગ
સુરત તા.૨૩/૦૯/૨૦૧૪.

પ્રતિ,
શ્રી એ. કે. સિંઘ,
જનરલ મેનેજરશ્રી,
અદાણી હજીરા પ્રા.લિ.
મુ.પો.હજીરા તા.ચોર્યાસી,જી.સુરત

વિષય : વન સંરક્ષણ ધારા હેઠળ વન જમીનના ડાયવર્ઝનની દરખાસ્તોના ઓનલાઇન સબમીશન બાબત.
Application of diversion of 183 Ha forest Land of Village Hazira & Suvali of Tal. Choryasi, Dist. Surat for Development of Port back up Facility at Hazira, Tal. Choryasi, Dist.Surat

સંદર્ભ : અધિક અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રી, જમીન, ગુજરાત રાજય, ગાંધીનગરના પત્ર ક્રમાંક : જમન/૨૯/બી/બ/૪૪૫૯-૭૧ તા.૨૨/૦૮/૨૦૧૪

મહાશય,

જયભારત સહ ઉપરોકત વિષય અન્વયે સંદર્ભના પત્રથી નોડલ ઓફિસર કક્ષાએ મળેલ ઓનલાઇન એન્ટ્રીની દરખાસ્તોનું લીસ્ટ સામેલ થઇ આવેલ છે. જેમાં આપની ૧૮૩.૦૦ હેકની પોર્ટ બેકઅપ ફેસીલીટી માટે જંગલ જમીનની માંગણી પણ સામેલ થઇ આવેલ છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, તા.૧૬/૦૮/૨૦૧૪ પહેલાંની તમામ દરખાસ્તો જુની પધ્ધતિથી પ્રથમ ડીવીઝન કક્ષાએથી પ્રોસેસ કરવા બાબતે સંદર્ભના પત્રથી સુચના આપવામાં આવેલ છે. જે અનુસાર આપની ઉપરોકત ૧૮૩.૦૦ હેકની માંગણી બાબતે પણ અત્રેથી કાર્યવાહી કરવાની થાય છે. આપની ઉપરોકત વિષય બાબતેની જંગલ જમીનની માંગણી કરતી દરખાસ્ત આપના તા.૧૯/૦૭/૨૦૧૪ ના પત્રથી અત્રેને મળેલ છે. જયારે નોડલ ઓફિસરના સંદર્ભના પત્ર સાથે સામેલ થઇ આવેલ લીસ્ટ અનુસાર આપના તરફથી ફીઝીકલ દરખાસ્ત તા.૧૨/૦૭/૨૦૧૪ ના રોજ સબમીટ કરવામાં આવેલ હોવાનું જણાવેલ છે. જેમાં તાત્કાલિક અસરથી સુધારો થઇ જવા વિનંતી છે. આપની ઉપરોકત દરખાસ્ત સીનીયોરીટીના ધોરણે પ્રોસેસ કરવામાં આવશે. સરકારશ્રી દ્વારા તા.૦૯/૦૭/૨૦૧૪ ના જાહેરનામાથી જંગલ તરીકે જાહેર કરેલ ઉપરોકત વિસ્તારની માપણીની કામગીરી બાકીમાં છે. ડી.આઇ.એલ.આર., કચેરી દ્વારા માપણી થયેથી તેનો આખરી વિસ્તાર તથા આકાર નકકી કરવામાં આવશે.

વધુમાં સરકારશ્રીના જાહેરનામાની ગામ દફતરે તથા સરકારી રેકર્ડે નોંધ કરવાની પણ બાકીમાં છે. જે કામગીરી પુર્ણ થયા બાદ આપની દરખાસ્ત બાબતે આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવશે. હાલ સદર દરખાસ્ત આપની કક્ષાએ પડતર ગણવાની રહેશે. જેની જાણ થવા વિનંતી.

આપનો વિશ્વાસુ

(એ.જી.વસાવા)
નાયબ વન સંરક્ષક
સુરત

નકલ સાદર રવાના : મુખ્ય વન સંરક્ષકશ્રી, સુરત વર્તુળ, સુરત તરફ જાણ સારૂ.